# <u>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ</u>

નં.શા.શિ./૩/ ૭૩૫ /૨૦૧૦
યુનિવર્સિટી રોડ, પો.બો. નં. ૨૧
પાટણ – ૩૮૪૨૬૫
તારીખ : ૧૪ ૭–૨૦૧૦

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ

**વિષય :– આંતર કોલેજ સ્પર્ધા કાર્યક્રમ ૨૦૧૦–૨૦૧૧,સ્પર્ધામાં ભાગ લેનાર કોલેજોની યાદી તથા ક્રિકેટ ભાઈઓ – બહેનોના લોટસઅંગે.**

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અંગે જણાવવાનું કે, ૨૦૦૯–૨૦૧૦ ના વર્ષમાં આંતર કોલેજ સ્પર્ધાઓના યજમાનની ભૂમિકામાં ઘણી કોલેજોએ સુંદર સહકાર આપ્યો છે. અને આંતર કોલેજ સ્પર્ધાઓના આયોજનના સફળ સંચાલનના ભાગીદાર બન્યા છો તે બદલ બોર્ડ ઓફ સ્પોર્ટસ તરફથી તે કોલેજોનો આભાર માનું છું.

ચાલુ વર્ષે પણ આયોજનના યજમાનપદ માટે કોલેજોએ ઉત્સાહ દાખવી આયોજનની માંગણી મૂકી હતી. સામાન્ય સભા વ્દારા નિયત થયેલ કાર્યક્રમ તથા આંતર યુનિવર્સિટી સ્પર્ધા સ્થળ અને તારીખ વિગેરેની માહિતી તથા આંતર કોલેજ સ્પર્ધાના કાર્યક્રમ તથા કોલેજોએ ભાગ લીધાની વિગતો દર્શાવતું પત્રક મોકલેલ છે. તે સ્વીકારવા વિનંતી છે.

ખેલકૂદ, તરણ, ભારે તોલન અને પાવર લીફટીંગના આંતર કોલેજ સ્પર્ધાઓ માટેના લઘુત્તમ ધોરણો ગત વર્ષની જેમ રાખવામાં આવેલ છે. સંલગ્ન કોલેજોની ક્રમબધ્ધ યાદી ગત વર્ષ મુજબની રહે છે. ગત વર્ષની જેમ <u>ખેલાડીએ જયાં પ્રવેશ લીધો હોય તે કોલેજ/વિભાગની ફીની પહોંચ હવે પછીથી સાથે રાખવાની સુચના આપવી.</u>

<u>આપની કોલેજે જે સ્પર્ધામાં ભાગ લીધો હોય તે સ્પોર્ટસ હેન્ડબુકમાં જણાવેલ કોલેજ ક્રમ નંબર સાથે મેળવણી કરી કોઈ ક્ષતિ કે ફેરફાર હોય તો તેની અત્રે તથા આયોજક કોલેજને જાણ કરવા વિનંતી છે.</u>

<u>ક્રિકેટ ભાઈઓ તથા બહેનોના લોટ્સમાં કોઈ કોલેજનો ઉમેરો કરવામાં આવશે નહિ જેની નોંધ લેશો.</u>

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ. જે.ડી. ડામોર)
કા. નિયામક
શારીરિક શિક્ષણ અને ~~યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ~~

બિડાણ :–